બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૪ જુલાઈ, ૨૦૧૦)

## (વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર, સત્તરમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૧૦)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ નીલકંઠવર્ણી - સિદ્ધવલ્લભ રાજાને (૧૯/૩૪)

➪ રાજાને પોતાના દિવ્ય સ્વરૂપનો નિશ્ચય કરાવી નીલકંઠવર્ણીએ જ્યારે વિદાય લીધી ત્યારે રાજાને અતિશય દુઃખ થયું. ત્યારે

૨. ➪ રામાનંદ સ્વામી - મયારામ ભટ્ટને (૪૮/૯૪)

➪ રામાનંદ સ્વામીએ આણંદજીભાઈ સંઘેડિયા પાસેથી લોજની ઝીણામાં ઝીણી વાત પૂછી. પછી મયારામ ભટ્ટને લોજ જઈને નીલકંઠવર્ણીને ઉપર પ્રમાણે કહેવાનું કહે છે.

૩. ➪ નીલકંઠવર્ણી - નરનારાયણ ઋષિને (૭/૧૪)

➪ નરનારાયણ ઋષિની સેવાથી રાજી થયેલા નીલકંઠવર્ણી બદરિકાશ્રમથી વિદાય લેતાં નરનારાયણ ઋષિને સંબોધીને કહે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. નીલકંઠવર્ણીએ કુરજી દવેને કહ્યું હું તમને મારું અક્ષરધામ બક્ષિસ આપીશ. (૫૨/૧૦૩)

જ. રામાનંદ સ્વામી પીપલાણા આવી રહ્યા છે તેવા શુભ સમાચાર કુરજી દવે લાવ્યા ત્યારે મુક્તાનંદ સ્વામી અને બીજા સાધુઓએ તેમને ભેટ આપી હતી. પણ નીલકંઠવર્ણી પાસે કાંઈ ન હોવાથી તેમણે કહ્યું, ‘‘હું તો તમને મારું અક્ષરધામ બક્ષિસ આપીશ.’’

૨. નીલકંઠવર્ણીને જિઅર સ્વામીએ મઠમાંથી રજા આપી. (૩૩/૬૪)

જ. સ્ત્રી દ્રવ્યના ત્યાગ માટેની નીલકંઠવર્ણીની વાત સાંભળી જિઅર સ્વામી ક્રોધે ભરાયા. નીલકંઠવર્ણીએ તેમને કહ્યું ગુરુ, ક્રોધ કરીને અકળાવું એ ગુરુ કે શિષ્યનો ધર્મ ન કહેવાય. જેમ થોડો અગ્નિ મહેલને બાળી દે, તેમ થોડા ક્રોધનું પરિણામ મોક્ષને બગાડનારું બને છે. જિઅર સ્વામી આ શબ્દો સાંભળીને ખિજાયા અને નીલકંઠવર્ણીને મઠમાંથી રજા આપી.

૩. બાવાઓએ બધી સ્ત્રીઓને કાઢી મૂકી. (૨૨/૪૨)

જ. નીલકંઠવર્ણીએ બાવાઓને સ્ત્રી-ધનના ત્યાગનો ઉપદેશ આપ્યો. તે બાવાઓને ન ગમતાં નીલકંઠવર્ણીને મંદિરમાંથી કાઢી મૂક્યા. તેથી હનુમાનજીએ તેમને ખૂબ મારીને હાડકાં ખોખરા કરી મૂક્યાં. તેથી બાવાઓએ સ્ત્રીઓને કાઢી મૂકી. (૨૨/૪૨)

**પ્ર.૩** ‘નરસિંહ મહેતાને દર્શન’ (૪૨/૮૧) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

પીપલાણામાં નીલકંઠવર્ણી નરસિંહ મહેતાના ઘરના ઓટલે જઈ બેઠા. તેમના પુત્ર કલ્યાણજી પાસે ભિક્ષા માંગી. નરસિંહ મહેતા પૂજાની ઓરડીમાં ગીતાનો પાઠ ને શાલિગ્રામની પૂજા કરતા હતા, ત્યાં તો શાલિગ્રામમાંથી તેજ નીકળી બહાર આંગણામાં ઊભેલા નીલકંઠવર્ણીમાં સમાઈ ગયું. નરસિંહ મહેતા તો તરત જ બહાર આવી તપસ્વીને શોધવા લાગ્યા. પરંતુ અન્ન તૈયાર ન હોવાથી ભિક્ષા ન મળતા નીલકંઠવર્ણી તો ચાલી નીકળ્યા. નરસિંહ મહેતા એ તરત જ દીકરા કલ્યાણજીને દોડાવ્યા ને તેણે નીલકંઠવર્ણીને ભાગોળે પકડી પાડ્યા. દંડવત્ પ્રણામ કરી, સ્તુતિ કરી નીલકંઠવર્ણીને પોતાને ઘરે પધરાવ્યા. નરસિંહ મહેતાને પોતાના ગુરુ રામાનંદ સ્વામીના શબ્દો યાદ આવ્યા કે, ‘‘હું તો ઉધ્ધવજીનો અવતાર છું. સાક્ષાત્ પુરુષોત્તમ પ્રભુ હવે પધારશે અને તમારી સેવા અંગીકાર કરશે.’’ નાનપણમાં જ પ્રભુ પ્રાપ્તિની ઈચ્છાથી પૂજાપાઠ, દાન, ધરમ કરતા, પછી કંટાળી ઘરનો ત્યાગ કરી ગિરનારમાં ખૂબ ફર્યા. છેવટે કંટાળી આપઘાત કરવા જાય છે. ત્યારે આકાશવાણી સંભળાય છે, ‘‘દેહ પાડીશ નહિ. સાક્ષાત્ ભગવાન તારે ઘરે પધારશે, અને ચતુર્ભૂજરૂપે દર્શન દેશે.’’ નીલકંઠવર્ણી પૂછે છે, ત્યારે નરસિંહ મહેતા ઉપરની વાત વિગતે કરે છે. નીલકંઠવર્ણીને પાદર સુધી વળાવવા જાય છે. ત્યાં પણ દશે દિશામાંથી એક એક અવતાર આવી નીલકંઠવર્ણીમાં લીન થાય છે. આવા અદ્‌ભૂત દર્શન નરસિંહ મહેતાને થાય છે.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહીં.**

૧. હવે ક્યારેય ભૂલથી પણ આવો મલિન ઘાટ અમારાથી થઈ જાય તો તે નિષ્ફળ થાઓ, આવા પ્રસંગે અમારી વાણી નિષ્ફળ જાઓ. (૯/૧૬)

૨. મારો દીકરો વીરો, સાઠ ભેંશુ અને વાડી અમર રહે એવા આશીર્વાદ આપો. (૪૧/૮૧)

૩. લોજમાં નીલકંઠવર્ણીનાં સૌ પ્રથમ દર્શન સુખાનંદ સ્વામીને થયાં. (૪૩/૮૬)

૪. રતો બશિયો પૂર્વ જન્મમાં રાક્ષસ હતો. (૨૯/૫૪)

૫. નીલકંઠવર્ણીએ શ્રીપુર ગામ બહાર આવેલા લાખ રૂપિયાની આવકવાળા મઠની મહંતાઈના પ્રલોભનનો ત્યાગ કર્યો. (૬/૧૧-૧૨)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૨, ૪ (૨૭/૫૦)　　૨. ૧, ૩ (૭/૧૩)

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

૧. કુમારિકાક્ષેત્ર (૩૩/૬૫)　　૨. કાર્તિક સુદ **અથવા** પ્રબોધિની **અથવા** દેવઉઠી (૫૪/૧૦૭)

૩. રામશર્મા (૪૧/૭૮)　　૪. યોગકળા (અષ્ટાંગયોગ) (૧૭/૩૧)

**(વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૧, દસમી આવૃત્તિ - ડિસેમ્બર, ૨૦૦૮)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➩ પ્રભુ - દેવીદાનને (૨/૧૩)
➩ પ્રભુએ જ્યારે દેવીદાનને સાક્ષાત્ દર્શન દીધાં ત્યારે વરદાન આપતાં કહે છે.

૨. ➩ જોબન - કશિયાભાઈને (૫/૩૬)
➩ કશિયાભાઈએ જોબનને કહ્યું સ્વામિનારાયણમાં તેં શું ભાળ્યું તે આ ભેંશભડકામણું તિલક કરીને ફૂલ્યોપાટ્યો ફરે છે ? તે શું કંઈ ચમત્કારથી ગધેડાની ગાય બનાવે છે ? ત્યારે

૩. ➩ એભલખાચર - જીવુબાને (૬/૩૯)
➩ લોકોની વાતોથી ભ્રાંતિમાં પડેલા એભલખાચર ઉઘાડી તલવાર લઈને જીવુબાના ઓરડામાં પ્રવેશ કરતાં કહે છે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. શ્રીજીમહારાજ પંચાળા જવા નીકળ્યા પરંતુ ગઢડા પાછા વળી ગયા. (૪/૨૫)

જ. ઝીણાભાઈએ મહારાજને પંચાળે પધારવાની પ્રાર્થના કરી. સાથે મોટીબા આદિ બાઈઓને પણ લાવવા કહ્યું. મહારાજે બાઈઓને સાથે લેવાની ના પાડી. પંચાળે જવા નીકળ્યા. પાછળથી ઝીણાભાઈ સર્વે બાઈઓને લઈને રસ્તામાં મહારાજને મળ્યા. તેથી મહારાજ ઉદાસ થઈને પાછા વળી ગયા.

૨. આશાભાઈ અને ઈશ્વરભાઈએ સાધી છોડવાનો નિશ્ચય કર્યો. (૮/૫૫)

જ. સાધીમાં જૂના સંપ્રદાયના હરિભક્તો વધારે. તેથી શાસ્ત્રીજી મહારાજ સાધી ખાસ પધારતા નહિ અને આ ભક્તો સ્વામીશ્રીની અંગત સેવાના લાભથી વંચિત રહી જતા. આ સેવાના લોભે જ એમણે સાધી ગામ છોડવાનો નિશ્ચય કર્યો.

**પ્ર.૯** 'શ્રીજીમહારાજે મુનિબાવાને કરાવેલી નિષ્ઠા' (૧/૫) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

સુરતમાં સંસ્કૃતના પ્રખર વિદ્વાન અને વેદાંતી મુનિબાવા મહાભિમાની હતા. તેમની પાસે ભણવા રહેલા બ્રહ્માનંદ સ્વામીએ તેમને નમ્રતા અને તેજસ્વીતાથી વશ કર્યાં. આત્મા-પરમાત્માનો સાચો સિદ્ધાંત અને મહારાજના મહિમાની વાતો કરી. મુનિબાવા મહારાજનાં દર્શન કરવા ગઢડા આવ્યા ત્યારે મહારાજે તેમના સામું જોયા વગર કહ્યું કોણ મુનિબાવા ? તેથી તેઓ સભા છોડીને ચાલ્યા ગયા. બીજે દિવસે સંધ્યા આરતીનાં દર્શન કરવા ગયેલા મુનિબાવાએ જોયું કે એક મણના તકિયાને મહારાજે એક આંગળી ઉપર ફેરવીને આસન ઉપર ફેંક્યો. તો તકિયો યોગ્ય જગ્યાએ ગોઠવાઇ ગયો અને મહારાજમાં ગોવર્ધનધારીની મૂર્તિ નિહાળી અને મહારાજ પાસે આવી હાથ જોડ્યા. મહારાજે તેમને ગુલાબનો હાર પહેરાવ્યો. તેની સુગંધથી મુનિબાવાને સમાધિ થઈ. તેમને શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા થઈ. આમ, મુનિબાવાને સત્સંગ થયો.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. આશાભાઈએ સીત્તેર વર્ષની ઉંમરે યોગીજી મહારાજના વરદ હસ્તે ભાગવતી દીક્ષા લીધી. (૮/૫૯)
૨. સદ્‌ગુરુ શુકાનંદ સ્વામીએ 'સત્સંગિજીવનની હેતુટીકા' લખી. (૩/૨૨)
૩. શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીના કપાળમાં તિલક-ચાંદલો કરી સંતોને બતાવ્યું. (૪/૨૭)
૪. દેવાનંદ સ્વામીના શિષ્ય દલપતરામ હતા. (૨/૧૪)

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય તથા સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : દરબાર શ્રીઝીણાભાઈ (૪/૨૩)**

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૧) ફક્ત સાચા નંબરો | ૧ | ૩ | ૫ | ૭ | ૯ | ૧૧ |
| (૨) યથાર્થ ઘટનાક્રમ | ૧૧ | ૧ | ૭ | ૯ | ૩ | ૫ |

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરો: જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમ: ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.**

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી** : સાક્ષાત્ **ભગવાન પુરુષોત્તમ નારાયણ** તારે ગામ પધારશે. **અલૌકિક આશ્ચર્ય** બતાવશે. (૨/૧૩)
૨. **ભક્તરાજ જોબનપગી :-** **જોબને** હાથ જોડીને **મહારાજ**ને કહ્યું : **પ્રભુ** ! આપ કલ્પવૃક્ષ સમાન મળ્યા. પછી અમારે **શી ખામી** હોય ? (૫/૩૪)
૩. **સ્વામી યજ્ઞપ્રિયદાસજી :-** આપણે **સારંગપુર** મંદિરની મૂર્તિ માટે **જયપુર** જવા પૈસા લેવા આવ્યા અને આ **ઉપાધિ** આવી. (૮/૫૭)
૪. **સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી :-** સંવત **૧૯૨૧**માં વરતાલનો સમૈયો કરી તેઓ **મહેળાવ** પધાર્યા હતા. અહીં **ધોરીભાઈ**ના છ માસના દીકરા **ડુંગરભાઈને** વર્તમાન ધરાવી એમણે આશીર્વાદ આપ્યા. (૩/૨૧)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

૧. **પ્રમુખસ્વામી મહારાજે આપેલો મંત્ર - પુરુષાર્થ + પ્રાર્થના = સફળતા :** (૧) કહેવાય છે કે પ્રારબ્ધ અને પુરુષાર્થ એક સિક્કાની બે બાજુ છે - પરંતુ પ્રમુખસ્વામી મહારાજની સફળતા માટેની મૌલિક વ્યાખ્યા - મૌલિક વિચારસરણી - મૌલિક સૂત્ર પુરુષાર્થ + પ્રાર્થના = સફળતા. (૨) જીવનમાં ફક્ત પુરુષાર્થ જ મહત્ત્વનો નથી. જેણે જેણે ફક્ત પુરુષાર્થ જ કર્યો તે સફળતાનાં શિખર લાંબાગાળા માટે સર ન કરી શક્યા. (પ્રસંગો) (૩) સ્વામીશ્રી કહે છે સફળતા માટે પુરુષાર્થની સાથે સાથે પ્રાર્થના આવશ્યક - ભગવાનને પ્રાર્થના કરીને, ભગવાનને આગળ રાખીને પુરુષાર્થ કર્યો, મહેનત કરી તે આગળ વધ્યા - ગુરુની કૃપા, ઈષ્ટદેવની કૃપા પુરુષાર્થની સાથે સંમિલિત થાય તો સફળતાને પણ ઝૂકવું જ પડે. તલ તુંબડિયો શાસ્ત્રી, પાણિની વગેરેના પ્રસંગો. (૪) સાચા હૃદયથી, શુદ્ધ પવિત્ર હૃદયથી પ્રાર્થના કરીને મહેનત કરવાથી, પુરુષાર્થ કરવાથી કોઈપણ ક્ષેત્રે અવશ્ય સફળતા મળે છે. સ્વામીશ્રીએ આદરેલ સંસ્થાનાં મુશ્કેલ કાર્યો પણ આસાનીથી પાર પડ્યાં છે. દિલ્હીનું અક્ષરધામ, લંડનનું મંદિર વગેરે તેનાં અજોડ દૃષ્ટાંતો છે. (૫) સ્વામીશ્રીની જેમ જ સ્વામીશ્રીના અનુયાયીઓ, સંતો-હરિભક્તો પણ સ્વામીશ્રીના આ સૂત્ર પ્રમાણે કાર્ય કરે છે તેથી સફળતા મેળવે છે. (૬) આપણે પણ આ સૂત્રને જીવનમંત્ર બનાવી સફળતા મેળવી શકીએ. - ઉપસંહાર.

૨. **સંતસમાગમ કીજે હો નિશદિન :** (૧) બ્રહ્માનંદ સ્વામી રચિત આ કીર્તન - તેમાં સત્સંગનો, સંતસમાગમનો અપૂર્વ મહિમા. (૨) શ્રીજીમહારાજે સ્વમુખે વચનામૃતના પાને પાને સંતનો મહિમા કહ્યો છે. ગુણાતીતાનંદ સ્વામીએ પણ

સંતસમાગમના મહિમાની વાતો કરીને સોપો પડવા દીધો જ નથી. વચનામૃત, સ્વામીની વાતુના મુદ્દા લખી શકાય. (૩) પરોક્ષ કવિઓ નરસિંહ મહેતા, મીરાબાઈ, સુરદાસ વગેરે તેમજ ઋષિમુનિઓ અને ભક્તોએ પણ સંતમહિમા તેમનાં અસંખ્ય પદોમાં ખૂબ ગાયો છે. (૪) સંતસમાગમથી થયેલ પ્રાપ્તિના પ્રસંગો - જીવનપરિવર્તનના પ્રસંગો - શ્રીમદ્ ભગવદ ગીતા, ભાગવત, રામાયણ વગેરે શાસ્ત્રોમાં પણ સંતસમાગમનો મહિમા. શ્લોકો, સાખીઓ, કીર્તનો વગેરે લઈ શકાય. (૫) સંત એ ભગવાનનું હૃદય છે અને સંતના હૃદયમાં ભગવાનનો વાસ છે. ભગવાન સ્વયં એવા ગુણાતીત સંતનો સમાગમ ઇચ્છે છે. સંત સમાગમનો આવો અજોડ મહિમા - તેથી જ નિશદિન સંત સમાગમ કરવાની આજ્ઞા - મન, કર્મ, વચને સંત સમાગમ કરવો.

૩. **ગુરુમહિમા : શાસ્ત્ર વચનના આધારે :** (૧) ભારત દેશનાં શાસ્ત્રોએ ગુરુનો અગાધ મહિમા ગાયો છે. દરેક મુમુક્ષુના જીવનમાં ગુરુનું સ્થાન અનેરું છે. (૨) અર્થવેદ કહે છે : ગુરુ જ્ઞાનનો સાગર - પૃથ્વીથી આકાશ સુધીની અગાધ શક્તિઓનું ગાન કરાવનાર. (૩) ઉપનિષદોમાં પણ ગુરુનો મહિમા - શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ ગુરુનો મહિમા - પ્રત્યક્ષ મહિમા - કઠોપનિષદમાં આધ્યાત્મિક માર્ગની અસ્ત્રાની ધાર સાથે સરખામણી. આવા માર્ગ પર ચાલવા માટે ગુરુ પાસે જઈને જ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉપદેશ. (૪) મહાભારત તથા રામાયણમાં પણ ગુરુનો ખૂબ મહિમા. ગુરુ દ્વારા જ બ્રહ્મ દેહની પ્રાપ્તિ - રામાયણમાં માતા-પિતા કરતાં પણ ગુરુનું મહત્ત્વ વિશેષ બતાવ્યું છે. શ્રીમદ્ભાગવત પણ કહે છે મનરૂપી ચપળ ઘોડાને વશ કરવા માટે ગુરુના ચરણનો આશરો લેવો આવશ્યક છે. (૫) પદ્મપુરાણ, નારદપુરાણ, સ્કંદપુરાણ વગેરે પુરાણોમાં પણ ગુરુનો ખૂબ મહિમા - ગુરુ દ્વારા સર્વ સ્થળે, સર્વ કાળે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ - ઉપરાંત જન્મજન્માતંરના પાપોનો નાશ - નારદપુરાણ કહે છે 'ગુરુથી વિશેષ કોઈ તત્ત્વ નથી - સ્કંદપુરાણ - ધ્યાનમૂલં... ગુરુકૃપા. - ગુરુએ આપેલ જ્ઞાનથી ઉત્તમ કોઈ જ્ઞાન નથી. - ઉપસંહાર.

❑ ❑ ❑